ડીસા-આખોલ ચોકડી નજીક રોડ ઉપરના વરસાદી ખાડા જીવલેણ

ડીસા-આખોલ ચોકડી સર્કલ સતત વાહનોથી ધમધમતું રહે છે. આ સર્કલને રાજસ્થાન, કચ્છ અને સુઇગામને જોડતા હાઇવે આવેલ હોઈ વાહનોની અવરજવર વધારે રહે છે. પેસેન્જર વાહનો સાથે ભારે માલવાહક વાહનો પણ મોટા પ્રમાણમાં અહીંથી પસાર થાય છે જો કે હાલમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી અહીં ભરાઈ જતા રોડ ઉપર જ મોટા ખાડા પડી ગયા છે અને સમારકામના અભાવે આ ખાડા વાહનચાલકો માટે અત્યન્ત જોખમી પુરવાર થઇ રહ્યા છે. ભારે વાહનોના ચાલકોને ખાડામાંથી પસાર થતી વખતે સતત અકસ્માતના ભય વચ્ચે પસાર થવું પડે છે તેમ છતાં આ મામલે હાઇવે ઓથોરિટી દ્વારા આ જીવલેણ ખાડા પૂરવા માટેની કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી. જેના લીધે આગામી સમયમાં કોઈ મોટો ગમખ્વાર અકસ્માત સર્જાય તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ત્યારે તેના માટે જવાબદાર કોણ ? તેવો સવાલ વાહન ચાલકો કરી રહ્યા છે જેને ગંભીરતાથી લઈ સત્વરે ખાડા પુરાણ કરાય તેવો જનમત પ્રવર્તે છે.

બનાસકાંઠામાં દિવસ દરમિયાન હળવા ઝાપટાં વચ્ચે ઊઘાડ નીકળ્યો

સવારે ૬ વાગ્યા સુધીમાં દિયોદર ૩.૫૬ ઇંચ, સુઇગામ - ધાનેરા ૨ ઇંચ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે મંગળવારે દિવસ દરમિયાન અનેક સ્થળોએ હળવો વરસાદ પડ્યો હતો. સાથે આકાશમાં સૂર્યનારાયણ ના દર્શન થયાં હતા. જ્યાં વહેલી સવારે પુરા થતાં ૨૪ કલાકમાં દિયોદર ૩.૫૬ ઈંચ, સુઈગામ - ધાનેરા ૨ સહિત અન્ય વિસ્તારોમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

બનાસકાંઠામાં છેલ્લા ત્રણ દિવસમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. જ્યાં શનિવારે દિવસ, રાત્રી અને રવિવાર રાત્રી સુધીમાં અનેક સ્થળોએ ધોધમાર વરસાદ પડતાં આ સ્થળો બેટમાં ફેરવાયા હતા. દરમિયાન સોમવારે પણ પવન સાથે હળવાથી ભારે વરસાદી ઝાપટાં ચાલું રહ્યા હતા. રાત્રે પણ વરસાદ થતાં મંગળવારે વહેલી સવારે પુરા થતાં ૨૪ કલાકમાં દિયોદર ૩.૫૬ ઈંચ, સુઈગામ - ધાનેરા ૨ સહિત અન્ય વિસ્તારોમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જ્યારે દિવસ દરમિયાન અનેક સ્થળોએ હળવો વરસાદ પડ્યો હતો. સાથે આકાશમાં સૂર્યનારાયણ ના દર્શન થયાં હતા. આ અંગે ખેડૂતોએ જણાવ્યું હતું કે, એક સામટા વરસાદને કારણે ખેતીના પાકોમાં પાણી ભરાઈ જતાં નુકશાન થવાની ભીતિ હતી. જોકે, હવે ઉઘાડ નીકળતાં હાશકારો થયો છે.

નર્મદાનું પાણી પાલનપુર પંથકમાં લાવવા તાલુકા પંચાયતની સાધરણ સભામાં ઠરાવ

પાલનપુર

પાલનપુર તાલુકા પંચાયતની સાધારણ સભા મંગળવારે સભા ખંડમાં યોજાઈ હતી. જેમાં પાલનપુર ના ધારાસભ્યએ નર્મદાનું પાણી પાલનપુરમાં લાવવા વિધાનસભામાં રજુઆત કરવા જણાવ્યું અને તાલુકા પંચાયતમાં પણ આ માટે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

પાલનપુર તાલુકા પંચાયતની સામાન્ય સભા મંગળવારે યોજાઈ હતી. જેમાં અગાઉની મિટિંગની કાર્યશૈલી વંચાણે લઈ ૨૦૨૦-૨૧ ની સેમ્પડયુટી ગ્રાન્ટના આયોજનની ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલએ નર્મદાનું પાણી પાલનપુરમાં લાવવા વિધાનસભામાં રજુઆત કરવા જણાવ્યું અને તાલુકા પંચાયતમાં પણ આ માટે ઠરાવ પસાર કરવામાં અવ્યો હતો.માલણ સીટ ના ડેલિગેટ સંજય ચૌધરી દ્વારા માલણ ગામ ખાતે પી.એચ.સી માંથી સી.એચ.સી બનાવ માટે પ્રસ્તાવ મુક્યો અને માલણ ગામ અને આજુ બાજુ ના ગામડાના લોકો અને ખેડૂતોને વીજ સરળતા પડે ને પુરતો સ્ટાફ મળી રહે એ માટે માલણ ગામ સાથે જી ઈ બી નું સબસેન્ટર ફાળવી બનાવવામાં આવે જેથી બધા જરૂરી કાગળો ની વહીવટ થઈ શકે તો લોકો ને પડતી હાલાકી દૂર થઈ શકે તેમ છે . તેમજ ત્યાં સેંટર પર કાયમી રોજિંદી ગાડી પણ મળી જશે જેથી કર્મચારીઓ ને પણ કામ કરવા માં સરળતા રહે . હાલ પૂરતો તત્કાલ ધોરણે સ્ટાફ વધારવામાં આવે એવો ઠરાવ મુક્યો જેમાં આ બંને ઠરાવો ને સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.

એસેન્ટ કારમાંથી દારૂ સાથે રાજસ્થાનના બુટલેગરને ઝડપ્યો

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી રાજ્યમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે. બુટલેગરો નાના-મોટા વાહનો

મારફતે વિદેશી દારૂ ઘુસાડવા પ્રયત્નશીલ રહે છે. જીલ્લા પોલીસવડા સંજય ખરાતના આગમન પછી વિદેશી દારૂ ઘુસાડવાના બુટેગરોના મનસૂબા પર પાણી ફરી રહ્યું છે. બુટલેગરો હવે અંતરિયાળ માર્ગે વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે. ઈસરી પોલીસે રાજસ્થાન તરફથી આવતી એસેન્ટ કારને અટકાવી તલાસી લેતા કારમાંથી ૩૮ હજારના વિદેશી દારૂ સાથે એક શખ્સને દબોચી લીધો હતો, કારમાં રહેલ એક શખ્સ અંધારાનો લાભ લઈ નાસી છૂટતા ઝડપી પાડવા ચકો ગતિમાન કર્યા હતા.

ઈસરી પીઆઈ આર.એસ. તાવીયાડ અને તેમની ટીમે સોમવારે રાત્રે રાજસ્થાન સરહદને અડીને આવેલ ઈટવા ગામ નજીક નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી આવતી એસેન્ટ કાર (ગાડી.નં-આરજે-૦૯-સીએ-૫૫૫) ને અટકાવી તલાસી લેતા કારમાં સંતાડી રાખેલ વિદેશી દારૂ અને દેશી મદિરાની બોટલ નંગ-૧૧૨ કી. રૂ.૩૮૦૦૦નો જથ્થો જપ્ત કરી સંજય મનજીભાઇ રોત (રહે, પાદરડી, મેવાડા-રાજ)ને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દઈ ઈસરી પોલીસે કાર, મોબાઈલ અને દારૂ સહીત ૧ ૩૯૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પોલીસ નાકાબંધી જોઈ કારમાં બેઠેલ શખ્સ પ્રકાશ શંકરભાઈ વરસાત (રહે, રામપુર, મેવાડા-રાજ) અંધારાનો લાભ લઈ રફુચક્કર થઈ જતા પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા ભાજપના બે સભ્યોને પક્ષમાંથી સસ્પેન્ડ કરાયા

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા નગર પાલિકાની ૨.૫ વર્ષની પ્રમુખ ઉપપ્રમુખની મુદત પુર્ણ થતા ૨૪ ઓગસ્ટના રોજ ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી દ્વારા ચૂંટણી જેમાં કોંગ્રેસ અને ભાજપમાંથી પ્રમુખ અને ઉપપ્રમુખના પદ માટે દાવેદારી કરવામાં આવી હતી.

જેમાં કોંગ્રેસના ૧૪ સભ્યો હજાર રહી મતદાન કર્યું હતું જ્યારે ભાજપના રાવલ નિશાબેન દિલીપકુમાર અને પ્રજાપતિ દશરથભાઈ કાળુભાઇ ગેર હજાર રહયા હતા જેથી ભાજપના ઉમેદવારોને ૧૨-૧૨ મત મળતા કોંગ્રેસના ઉમેદવારને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા જેને લઇ ભારતીય જનતા પાર્ટી દ્વારા પક્ષના મેન્ડેટનો અનાદર કરવા બદલ તાત્કાલિક પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

પ્રાંતિજ નગરપાલિકા ખાતે ભગવાન સત્યનારાયણની કથા યોજાઈ

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખની સર્વાનુમતે બીનહરીફ વરણી બાદ આજે નવા પ્રમુખ, ઉપપ્રમુખ દ્વારા નગરપાલિકામા ચાર્જ સંભાળતા પહેલા ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નગરપાલિકામા અઢી વર્ષની ટર્મ માટે નવા નિમણુંક થયેલ પ્રમુખ દિપકભાઇ હસમુખભાઈ કડીયા તથા ઉપપ્રમુખ જગદીશભાઇ લછુમલ કિમતાણી દ્વારા નગરપાલિકાનો કાર્યભાર સંભાળતા પહેલા આજે નગરપાલિકાખાતે ભગવાન સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કથામાં પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, પૂર્વ શિક્ષણમંત્રી જયસિંહ ચૌહાણ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઇ બ્રહ્મભટ્ટ, પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, પૂર્વપ્રમુખ રતિલાલ ટેકવાણી, પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલ, નગરપાલિકાના કોર્પોરેટરો સહિત ભાજપ કાર્યકરો ભાજપ આગેવાનો કાર્યકરો નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. સત્યનારાયણની કથાનો લાભ લઈ પ્રસાદ લઈને નવીન વરાયેલા પ્રમુખ દિપકભાઇ હસમુખભાઈ કડીયા તથા ઉપપ્રમુખ જગદીશભાઇ લછુમલ કિમતાણીને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી.

પ્રાંતિજ નગીનાવાડી પાસે જાહેરમાં જુગાર રમતા છ શકુનીઓનીઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડ્યા

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ગલેચી ભાગોળ પાસે આવેલ નગીનીવાડી ખાતે રાત્રીના સમયે જાહેરમાં જુગાર રમતા છ શકુનીઓને પ્રાંતિજ પોલીસેઝડપી પાડયા હતા.

પ્રાંતિજના ગલેચી ભાગોળ ખાતે રાત્રીના સમયે જાહેરમાં ખુલ્લી જગ્યામાં પૈસા પાના વડે તીન પત્તીનો હારજીતનો જુગાર રમતા છ શકુનીઓને પ્રાંતિજ પોલીસે ઝડપી પાડ્યા હતા જેમાં દાવની રોકડ રકમ ૭૦૦ તથા પકડાયેલા જુગારીઓને પાસેથી અંગજડતીમાંથી મળેલ ૫૦૦૦ મળી કુલ ૫૭૦૦ના મુદ્દામાલ સાથે ઈશરાદ ઉર્ફે બાપુ કાદરઅલી સૈયદ રહે. નગીનાવાડી નીચે, ફીરોજમીયા અહમદ સુમરા રહે. સુમરાવાસ પ્રાંતિજ, અયુબમીયા યુનુસમીયા મલેક રહે નગીના વાડી ટેકરા ઉપર પ્રાંતિજ, તાલીબભાઇ મહેમુદભાઇ શેખ રહે. નગીનાવાડી (વ્હોરવાડ) પ્રાંતિજ, અબ્દુલ લલતીફ અબ્દુલ કાદર વણીયાર નગીનાવાડી (ચોપાટી), અકબરમીયા અલ્લારખા મીર્ઝા નગીનાવાડી ટેકસ નીચે તો પ્રાંતિજ પોલીસ કોન્સ્ટેબલ વિક્રમસિંહ રૂમાલસિંહની ફરિયાદના આધારે જુગારધારા-૧૨ મુજબ ગુનો નોધી અટકાયત કરી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ હેડ કોન્સ્ટેબલ ઈશ્વરભાઇ માવજીભાઈ દ્વારા હાથ ધરવામાં આવી હતી.

માલપુરના હેલોદર ગામે ડબલ મર્ડર મામલે મૃતકના પરિવારજનોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

હત્યામાં પાંચ કરતા વધુ લોકોની સંડોવણી હોવાનો આક્ષેપ

મોડાસા, તા. ૨૬

માલપુર તાલુકાના હેલોદર પાસે આવેલ ભોલા-ભાઠોડાની સીમમાં બે પિતરાઈ ભાઈઓનો

મૃતદેહ મળી આવ્યો હતો. જે સંદર્ભે પોલીસે ગણતરીના કલાકોમાં હત્યામાં સંડોવાયેલ ચાર શખ્સોની ધરપકડ કરી હતી અને અન્ય એક શખ્સની ગણતરીના દિવસોમાં ઝડપી પાડ્યો હતો. જેને પકડી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. ડબલ મર્ડરની ઘટના આડા સંબંધના પગલે સર્જાઈ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. ત્યારે મૃતક યુવકોના પરિવારજનોએ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ સાથે બંને યુવકોની હત્યામાં અન્ય શખ્સો પણ સંડોવાયેલ હોવાનો આક્ષેપ કરી યોગ્ય તપાસ થાય તો વધુ આરોપીઓના નામ બહાર આવી શકે છે તેવુ જણાવ્યું હતું જેમાં વિક્રમભાઈ ઉજમાભાઈ અને મનુભાઈની રાજકીય હત્યા હોવાનું જણાવ્યું હતું. જીલ્લા કલેક્ટર કચેરીએ મૃતક યુવકના પરિવારજનો અને સગા-સંબંધી મોટી સંખ્યામાં ઉમટી ન્યાયની માંગ કરી હતી. આ ડબલ મર્ડર હત્યા કેસને રાજકીય રંગ અપાઈ રહ્યો હોવાનું માલપુર પંથકમાં લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

બુધવારે મૃતક વિક્રમભાઈ ઉજમાભાઈ પગી તથા મનુભાઈ લેબાભાઈ પગીની પત્ની અને તેમના પરિવારજનો મોટી સંખ્યામાં જીલ્લા સેવાસદન કચેરીએ ન્યાયની માંગ સાથે ઉમટ્યા હતા. જેમાં જીલ્લા કલેક્ટરને મૃતક યુવકની પત્ની અને બહેને જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદન પત્ર આપી ડબલ મર્ડર કેશની તથસ્ટ તપાસ કરવામાં આવેની માંગ કરી હતી. બને યુવકોની હત્યા ચૂંટણી અદાવતમાં, સિંચાઈના કામમાં થઈ રહેલા ભ્રષ્ટાચારને ઉજાગર કરતા અને બને યુવકોએ ટૂંક સમયમાં પ્રગતિ કરી હોવાથી અને તેમના પંથકમાં ક્ષત્રિય ઠાકોરસેના ઉભી કરી સંગઠન કરતા અને ભાજપના સનિષ્ઠ કાર્યકર હોવાથી કેટલાક શખ્સોની રાજકીય કારકિર્દી જોખમાતા અને હત્યા કરવામાં આવી હોવાનો તેમજ વિક્રમભાઈને ગામના એક યુવાન સાથે માટી કામ, પૂરણકામમાં બબાલ થઈ હોવાનો અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનો સનસનાટી ભર્યો આક્ષેપ કર્યો હતો અને હત્યાની ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો મૃતકની હત્યામાં અનેક લોકોની સંડોવણી બહાર આવી શકે છે તેવું ભારપૂર્વક જણાવ્યું હતું.

ડબલ મર્ડર કેસ પર એક નજર

માલપુર તાલુકાના હેલોદર પાસે આવેલ ભોલા-ભાઠોડાની સીમમાં બે પિતરાઈ ભાઈઓનો મૃતદેહ મળી આવ્યો હતો. જે સંદર્ભે પોલીસે ચાર શખ્સોની તાબડતોડ ધરપકડ કરી હતી. જયારે પાંચમો શખ્સ ભાગતો ફરતો હતો. જેને પકડી લઈ જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો. પ્રેમ પ્રકરણની અદાવતમાં તલવાર અને ચપ્પાના ઘા મારી બંને યુવકોની હત્યા કરાઈ હતી. માલપુરના હેલોદરના ભોલા ભાઠોડા ગામના તળાવ પાસેથી હત્યા કરીને ફેંકી દેવાયેલ વિક્રમભાઈ ઉજમાભાઈ પગી તથા મનુભાઈ લેબાભાઈ પગીની લાશો મળી આવતા જિલ્લા પોલીસની ટીમો દોડી આવી હતી અને તપાસ હાથ ધરતા ૨૪ કલાકમાં ડબલ મર્ડરનો ભેદ ઉકેલી નાખ્યો હતો. અને આ હત્યાકાંડમાં સંડોવાયેલા બાબુભાઈ રામાભાઈ પગી, સોમાભાઈ રામાભાઈ પગી, રમણભાઈ પુનાભાઈ પગી અને કાળુભાઈ રમણભાઈ પગીને ઝડપી લીધા હતા અને અન્ય એક આરોપી વિજયભાઈ ઉર્ફે ભુરાભાઈ ઉદાભાઈ ખાંટ (રહે. દેવદાંતી, તા.માલપુર)ને પકડી પાડયો હતો. પોલીસે આ કેસની ઝીણવટભરી તપાસ કરતાં ગામના જ બાબુભાઈ રામાભાઈ પગીની પત્ની સાથે આડા સંબંધોની અદાવતમાં મૃતક વિક્રમ પગીને મહાદેવના મંદિરે બોલાવ્યો હતો. આ બંને ભાઈઓને તલવાર અને ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારી પુરાવાનો નાશ કરવા લાશો તળાવમાં ફેંકી દેવાઈ હતી.

પ્રાંતિજ ખાતે ભોઈ સમાજની મહિલાઓ દ્વારા જલયાત્રા યોજાઈ

વરસોથી ચાલી આવતી પ્રથા બાધા આજે યંત્ર યુગમાં પણ યથાવત : સંતાન પ્રાપ્તિ અને કુટુંબના કલ્યાણ અર્થે માતાજીની બાધા રખાય છે

પ્રાંતિજ તા.૨૬

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે શિગોડા ભોઇ સમાજની મહિલાઓ દ્વારા મટકી યાત્રા (જલયાત્રા) કાઢવામાં આવી

હતી જેમાં ભોઈ સમાજની મહિલાઓ દ્વારા માથે મટકી મુકીને યાત્રામાં જોડાઇ હતી.

પ્રાંતિજ ખાતે રહેતાં શ્રીમાળી શિગોડા ભોઇ સમાજની મહિલાઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવાસુદ નોમના પ્રવિત્ર દિવસે મોટા માઢેથી ગાગર બેલડી જલયાત્રા કાઢવામાં આવી હતી જયારે સંતાન પ્રાપ્તિ અને કુટુંબના કલ્યાણ અર્થે તેવો માતાજીની બાધા રાખે છે અને શિગોડા ભોઇ સમાજ પાણી સાથે સંકળાયેલો છે જેથી જળ દેવતાની તેઓ શ્રધ્ધાપૂર્વક પૂજા અર્ચના કરે છે અને માતાજીની બાધા પણ રાખતાં હોય છે ત્યારે આ પવિત્ર દિવસે સમાજની મહિલાઓ મહાકાલી પાસે આવેલ મંદિરે એકઠાં થઈને આ દિવસે સમુહમાં માનેલ બાધા પૂર્ણ થતાં અને જલદેવની પૂંજા માટે માથે બેડા મૂકી ઢોલ નગારા સાથે પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ જલયાત્રા નેશનલ હાઈવે આઠ શ્રી માર્કંડેશ્વર મહાદેવ મંદિર ખાતે જઈને જલયાત્રા સમાપન કરવામાં આવે છે.